# શેર બજારમાં મંદીનો દોર યથાવત

મુંબઈ,તા. ૨૧

શેર બજારમાં સતત ચોથા કારોબારી સેશન્સમાં જોરદાર મંદીનું મોજુ ફરી વળ્યુ હતુ. મંદી યથાવત રહેતા કારોબારીઓમાં ચિંતાનું મોજુ ફરી વળ્યુ હતુ. છેલ્લા ચાર સેશન્સમાં સેન્સેક્સમાં તીવ્ર ઘટાડો થઈ ચુક્યો છે. સવારના કારોબારમાં તેજી રહી હતી પરંતુ ફરીવાર મંદી રહેતા અંતિ નિરાશા હાથ લાગી હતી. આજે કારોબારના અંતે સેન્સેક્સ ૩૪૦ પોઈન્ટ ઘટીને ૧૭૯૦૬ની સપાટી પર રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૯૯ પોઈન્ટ ઘટીને ૫૩૦૩ની સપાટી પર રહ્યો હતો. ઈન્ટ્રા ડે દરમિયાન નિફ્ટી એક વખતે ઘટીને ૫૨૬૮ની સપાટી પર રહ્યો હતો. નિફ્ટી ૧૧મી સપ્ટેમ્બર ૨૦૧૨ બાદથી સૌથી નીચી સપાટી પર પહોચ્યો છે. માર્કેટ બ્રિડથ ખુબ નકારાત્મક રહી હતી. બીએસઈ મિડ કેપ અને સ્મોલ કેપ ઈન્ડેક્સમાં ૦.૮૨ ટકાનો ઘટાડો રહ્યો હતો. શેરબજારમાં છેલ્લા કેટલાક દિવસથી હાલમાં ચાલી રહેલી મંદીના કારણે કારોબારીઓ નિરાશ થયેલા છે. શેરબજારમાં મંદી સતત ચોથા સેશનમાં જારી રહેવા માટે અનેક કારણો જવાબદાર છે. એકબાજુ વૈશ્વિક બજારમાં મંદી જારી રહી છે. બીજી બાજુ મેટલ, એફએમસીજી અને આઈટી શેરમાં મંદી રહી હતી. ડોલરની સામે હાલમાં રૂપિયામાં ધોવાણ જારી છે. અત્રે ઉલ્લેખનીય છે કે શેર બજારમાં ગઈકાલે પણ મંદીનું મોજુ ફરી વળ્યુ હતુ જો કે કારોબારના અંતે ઘણી રિકવરી નોંધાઈ હતી છતાં અંતે સેન્સેક્સ ૬૧ પોઈન્ટના ઘટાડા સાથે બંધ રહ્યો હતો. હાલમાં કારોબારીઓમાં ભારે ચિતા પ્રવર્તી રહી છે. સતત ચોથા દિવસે સેન્સેક્સમાં મંદી રહી હતી. ત્રણ દિવસના ગાળામાં ઈન્ડેક્સમાં ૧૧૦૦ પોઈન્ટનો ઘટાડો થયો છે. આજે તેમાં ચોથા દિવસે વધારે ૩૪૦ પોઈન્ટનો ઘટાડો થયો હતો જેથી ચાર સેશનમાં ૧૪૪૦ પોઈન્ટનો ઘટાડો થઈ ચુક્યો છે. બીએસઈ મેટલ અને ઓઈલ ગેસ ઈન્ડેક્સમાં ચાર ટકાનો ઘાટડો થયો હતો. જ્યારે રિયાલિટી,



એફએમસીજી, હેલ્થકેર, કેપિટલ ગુડ્સ, પાવર, ઓટો જેવા ઈન્ડેક્સમાં બેથી ત્રણ ટકાવચ્ચેનો ઘટાડો નોંધાયો હતો. બેંકો અને કન્ઝ્યુમર ડ્યુરેબલ સિવાય તમામ મોટા બીએસઈ સેક્ટરલ ઈન્ડેક્સ મંદીમાં રહ્યા હતા. હિન્ડાલ્કો, તાતા સ્ટીલ જેવા મેટલના શેરમાં ૩-૫ ટકા વચ્ચેનો ઘટાડો જોવા મળ્યો હતો. હિન્દુસ્તાન ઝીંકમાં ચાર ટકાનો ઘટાડો રહ્યો હતો. ગઈકાલે આ શેરમાં ૧૩.૧ ટકાનો ઘટાડો રહ્યો હતો. અહેવાલમાં જણાવવામાં આવ્યુ છે કે કાયદાકીય અડચણો દૂર કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. ભારત સરકાર હિન્દુસ્તાન ઝીંકમાં ૨૯.૫૪ ટકાની હિસ્સેદારી ધરાવે છે. સ્ટરલાઈટ ઈન્ડસ્ટ્રીઝ ૬૪.૯૨ ટકાની હિસ્સેદારી ધરાવે છે. ઈન્ડેક્સ હેવીવેટ ગણાતા આરઆઈએલમાં ૪.૭૨ ટકાનો ઘટાડો રહ્યો હતો. ભારતી એરટેલના શેરમાં સેન્સેક્સના સૌથી વધી છ ટકાનો ઘટાડો રહ્યો હતો.

## વિહિપની યાત્રાને લીલીઝંડી મળવી જોઈએ : વેંકૈયા નાયડુ

હૈદરાબાદ,તા. ૨૧

ભાજપના વરિષ્ઠનેતા વેંકૈયા નાયડુએ આજે કહ્યુ હતુ કે ઉત્તરપ્રદેશ સરકારે ચોક્કસ સાવચેતીના પગલા લઈને અયોધ્યામાંથી વિહિપની સૂચિત યાત્રાને પરવાનગી આપવી જોઈએ. વિશ્વહિન્દુ પરિષદની યાત્રાને ઉત્તર પ્રદેશ સરકારે ટેકો આપવો જોઈએ તેવી માંગણી કરીને ભાજપે જોરદારરીતે આ મુદ્દો ઉઠાવ્યો છે. વેંકૈયા નાયડુએ હૈદરાબાદમાં પત્રકારો સાથે વાતચીત



કરતા કહ્યુ હતુ કે વિશ્વહિન્દુ પરિષદ અયોધ્યાથી યાત્રા કાઢીને શું કરવા માંગે છે તે બાબત જોવી જોઈએ. આ એક લોકશાહી દેશ છે. પરવાનગી આપવી જોઈએ પરંતુ સાવચેતીના પગલા પણ લેવા જોઈએ. વિશ્વહિન્દુ પરિષદને જરૂરી માર્ગદર્શન અને સૂચના આપવી જોઈએ. દેશભરમાં ઘણી બધી યાત્રાઓ ચાલી રહી છે. એક યાત્રા કાઢવાથી ચોક્કસ સમુદાયને કઈ રીતે રોકી શકાય છે તેવો વેધક પ્રશ્ન ભાજપના નેતાએ કર્યો હતો. વિશ્વ હિન્દુ પરિષદની ૨૫મી ઓગસ્ટ અને ૧૩મી સપ્ટેમ્બર વચ્ચે યોજાનારી સૂચિત ૮૪ કોશી યાત્રાને ઉત્તરપ્રદેશ સરકારે પરવાનગી આપી નથી તેવા પ્રશ્ન અંગે વેંકૈયા નાયડુ જવાબ આપી રહ્યા હતા. વિશ્વહિન્દુ પરિષદ દ્વારા યોજાનારી યાત્રાને લઈને ઉત્તરપ્રદેશમાં રાજકીય ગરમી જામી છે. કેટલાક સંગઠનો આની તરફેણ કરી રહ્યા છે જ્યારે કેટલાક આની સામે વાંધો ઉઠાવી રહ્યા છે. ઉત્તરપ્રદેશ સરકારની દલીલ છે કે આ પ્રકારની યાત્રાથી કોમવાદી તંગદિલી ફેલાઈ શકે છે.

## ડોલર સામે રૂપિયો હજુ ૭૦ સુધી પહોંચે તેવી સંભાવના

નવી દિલ્હી,તા. ૨૧

ડૉલર સામે રૂપિયામાં તીવ્ર ઘટાડાનો દોર જારી રહ્યો છે. હજુ સ્થિતિમાં છે. આ વર્ષના અંત સુધી રૂપિયામાં સ્થિતિમાં સુધાર થઈ શકે છે પરંતુ હાલ પુરતો તેમાં કોઈ






રૂપિયો સ્થિર થાય તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. એક મહિનામાં ડૉલર સામે રૂપિયો ઘટીને ૭૦ની નીચી સપાટીએ પહોંચી શકે છે. એક અગ્રણી બેંકે પોતાના અહેવાલમાં આ મુજબની વાત કરી છે. અગ્રણી બેંક ડોઈસ્ચે પોતાના અહેવાલમાં જણાવ્યું છે કે અમે હજુ પણ માનીએ છીએ કે મૂળભૂતરીતે રૂપિયો નબળી સુધાર થશે નહીં. આ બેંકની ચેતવણીથી રૂપિયાને લઈને ચિંતિત નિષ્ણાંતોની ચિંતા વધી ગઈ છે. આજે રૂપિયો ડોલર સામે ઘટીને ૬૪.૧૩ સુધી પહોંચી ગયો હતો. રૂપિયા માટે હજુ સ્થિતિ નિરાશાજનક રહેવાના એંધાણ છે. ડૉલર સામે રૂપિયાને સ્થિર કરવા માટે આરબીઆઈ અને સરકાર દ્વારા ઘણા પગલા લેવામાં આવ્યા હોવા છતાં તાજેતરના મહિનાઓમાં રૂપિયામાં ૧૩ ટકાની આસપાસનો ઘટાડો થયો છે. ડ્યુટી માળખામાં પણ સરકારને ફેરફાર કરવાની ફરજ પડી છે. ઉપરાંત અર્થતંત્રમાં નવા પ્રાણ ફૂંકવાના પ્રયાસો કરાયા છે. જો કે રૂપિયાને હજુ સુધી વધારે અસર થઈ રહી નથી. રૂપિયો સતત ઘટી રહ્યો છે. આરબીઆઈએ રૂપિયાને સ્થિર કરવા પર જ તેનું મુખ્ય ધ્યાન કેન્દ્રિત કર્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ડોલર સામે રૂપિયોમાં ધોવાણ જારી રહેતા તમામ જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવ વધી શકે છે. ખાસ કરીને પેટ્રોલ અને ડિઝલની કિંમત પર સૌથી માઠી અસર થશે કારણ કે આયાતમાં વધારો થઈ રહ્યો છે. આ ઉપરાંત પરિવહન સેવા તથા શિક્ષણમાં પણ વધારો થઈ શકે છે.

## અરૂણાચલમાં ચીની સૈનિકોની ફરીથી ઘૂસણખોરીથી તંગદિલી

નવી દિલ્હી,તા. ૨૧

શાંતિ માટે ભારતના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા હોવા છતાં ચીન પોતાના કૃત્યો છોડી રહ્યુ નથઈ. લડાખ અને ઉત્તરાખંડમાં ચીની સૈનિકોની ઘૂસણખોરીનો મામલો હજુ શાંત થયો નથી ત્યારે અરૂણાચલ પ્રદેશમાંથી પણ હવે ઘૂસણખોરીના અહેવાલ આવ્યા છે. અહેવાલમાં જણાવવામાં આવ્યુ છે કે ચીની સૈનિકોએ હવે અરૂણાચલ પ્રદેશમાં ઘૂસણખોરી કરી છે. અલબત્ત આ મામલો ૧૩મી ઓગસ્ટનો છે પરંતુ આ મામલો મોડેથી સપાટી પર આવ્યો છે. ૧૩મી ઓગસ્ટના દિવસે ચીની સૈનિકોની ટુકડી અરૂણાચલની સરહદમાં ૨૦ કિલોમીટર સુધી અંદર પ્રવેશી ગઈ હતી. ચીની સૈનિકોની આ ટુકડી ત્રણથી ચાર દિવસ સુધી અંદર રોકાઈ હતી. ચીની ટુકડીઓ ચાગલગામમાં ફીસટેલ વિસ્તારમાં પ્રવેશી ગઈ હતી. આ વિસ્તારની સુરક્ષાની જવાબદારી ભારત અને તિબેટ સરહદ પોલીસની પાસે છે. એમ માનવામાં આવે છે કે જ્યારે ભારતીય સેનાને બોલાવવામાં આવી ત્યારે ચીની



ટુકડીઓ પરત ફરી ગઈ હતી. બીજી બાજુ લોકોનું કહેવુંછે કે ચીની સૈનિકોની ટુકડીઓ હજુ પણ આ વિસ્તારમાં સક્રિય છે. સેનાએ તમામ વિસ્તારમાં તકેદારી વધારી દીધી છે. લડાખમાં સરહદ પર ચીની ઘૂસણખોરીના મુદ્દા પર ભારતે પણ હવે સાવધાની રાખવા માટે પગલા લીધા છે. ભારતે ચીની ઘૂસણખોરીના મુદ્દાને ઉકેલવા અમેરિકી મદદ મેળવવાના પ્રાયસ કર્યા હોવાનો ઈન્કાર કર્યો છે. ભારતે કહ્યુ છે કે તે પોતાના ક્ષેત્રોની સુરક્ષા કરવા માટે સંપૂર્ણપણે સક્ષમ છે. આ તમામ બાબતો રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર શિવશંકર મેનને કરી છે. ચીનની તમામ ચેતવણીને ફગાવી લઈને ભારતીય હવાઈદળે પણ મંગળવારના દિવસે સવારે લાઈન ઓફ એક્ચ્યુઅલ કન્ટ્રોલ (એલએસી)થી થોડાક અંતરે દોલતબેગ ઓલ્ડી વિમાની મથક પર પોતાનું સી-૧૩૦ સુપર હરક્યુલસ વિમાન ઉતારી લીધુ હતુ. લડાખમાં ચીનની ઘૂસણખોરીની ઘટનાઓ બાદ સુપર હરક્યુલસને એલએસીની બિલકુલ નજીક ઉતારીદઈને ભારતે ચીનને કઠોર સંકેત આપી દિધો છે સાથે સાથે ચીનની ઘૂસણખોરી સામે લાલ આંખ કરી છે. ભારત અને ચીનના સૈનિકો ફરી એકવાર આમને સામને આવતા આની ગંભીર નોંધ લેવામાં આવી છે. એપ્રિલ મહિનામાં ચીની સૈનિકો ભારતીય પ્રદેશમાં ૧૯ કિલોમીટર સુધી અંદર પ્રવેશી ગયા હતા. ત્રણ સપ્તાહ સુધી આ મડાગાંઠ રહ્યા બાદ બંને દેશો વચ્ચે વાતચીતના દોર યોજાયા હતા. છેલ્લા આઠ મહિનાના ગાળામાં સેનાનો દાવો છે કે ચીની સેના દ્વારા ૧૫૦ વખત ઘૂસણખોરીના પ્રયાસો કરાયા છે.

# રેલવે અકસ્માતોમાં દર વર્ષે લગભગ ૧૫,૦૦૦ના મોત

નવી દિલ્હી,તા. ૨૧

બિહારમાં ટ્રેન દુર્ઘટનાને લઈને હાલમાં દોષારોપણનો દોર ચાલી રહ્યો છે ત્યારે ટ્રેન અકસ્માતોને લઈને હમેશા ખૂબ જ નિરાશાજનક રહ્યો છે. રેલ અકસ્માતમાં આશરે ૧૫૦૦૦ લોકોના મોત થઈ જાય છે. સુરક્ષા સાથે સંબંધિત ધારાધોરણો નબળા હોવાના પરિણામ સ્વરૂપે દર વર્ષે આશરે ૧૫૦૦૦ લોકો રેલવે અકસ્માતોમાં મૃત્યુ પામે છે. ૨૦૧૨માં રેલવે દ્વારા રચવામાં આવેલી ઉચ્ચસ્તરીય સુરક્ષા સમીક્ષા સમિતિએ જણાવ્યું છે કે દર વર્ષે ૧૫૦૦૦ લોકોના મોત થાય છે. રેલવે ટ્રેકને પાર કરતી વેળા પણ મોટી સંખ્યામાં લોકોના મોત થાય છે. વાર્ષિક મૃતાંકના આંકડામાં રેલવે ક્રોસીંગ પાર કરતી વેળા માર્યા ગયેલા લોકોની સંખ્યા ખૂબ મોટી છે. અત્રે ઉલ્લેખનીય છે કે દર વર્ષે રેલવે ટ્રેકને પાર કરતી વેળા પણ ભારે બેદરકારી સપાટી ઉપર આવે છે. સમગ્ર રેલવે સિસ્ટમને આના માટે દોષિત ઠેરવવામાં આવે છે પરંતુ આમા લોકોની પણ બેદરકારી રહેલી છે. મુંબઈ રેલવે ટ્રેક ઉપર ૬૦૦૦ લોકોના મોત થઈ જાય છે. મુંબઈ ઉપનગરીએ સિસ્ટમ ઉપર મૃત્યુઆંક ખૂબ મોટો છે. અનીલ કાકોડકરના નેતૃત્વમાં પેનલ દ્વારા કઠોર ટિપ્પણીમાં જણાવવામાં આવ્યું છે કે ટ્રેન અકસ્માતોની સમીક્ષા હેઠળ નહીં આવનાર ખુવારીનો આંકડો પણ રહેલો છે. કાકોડકર પેનલના તારણો આવી ચૂક્યા છે છતાં રેલવે બિહારના બનાવને એક બનાવ તરીકે ગણે છે. અકસ્માત તરીકે ગણતી નથી જે જવાબદારીમાંથી છટકી જવાના પ્રયાસ રૂપે છે.

રેલવેની નિષ્ફળતા ઘણા કારણોસર દેખાઈ આવે છે. લેવલ ક્રોસીંગની નાબૂદી હજુ દૂર કરવામાં આવી નથી. દેશમાં ઘણી જગ્યાઓ એવી છે જ્યાં રેલવે ક્રોસીંગ નથી. આવી જગ્યાએ સૌથી વધારે સંખ્યામાં લોકોના મોત થાય છે. રેલવે સામે પણ તાજેતરના સમયમાં રોકડની સમસ્યા પ્રવર્તી રહી છે આવી સ્થિતિમાં દેશભરમાં દર વર્ષે થતા ૧૨૫૮૨ લોકોના મોતને ટાળવા જટિલ સ્થિતિ સર્જાયેલી છે. રેલવે સામે નાણાંકીય કટોકટી હોવા છતાં મહત્વકાંક્ષી ટાર્ગેટ તૈયાર કરવામાં આવ્યા છે. ૧૨મી પંચવર્ષીય યોજના દરમિયાન ૧૦૭૯૭ લેવલ ક્રોસીંગને દૂર કરવાની યોજના ધરાવે છે. રેલવે ૩૧૨૫૪ લેવલ ક્રોસીંગ ધરાવે છે જે પૈકી ૪૦ ટકા ઉપર કોઈ માણસ નથી. માનવ વગરના ક્રોસીંગ ઉપર ટ્રેન અકસ્માતો સૌથી મહત્તમ સંખ્યામાં થાય છે.

## વડાપ્રધાન ૨૭ સપ્ટેમ્બરે અમેરિકન પ્રમુખને મળશે

નવી દિલ્હી,તા. ૨૧

વડાપ્રધાન મનમોહનસિંહ ૨૭મી સપ્ટેમ્બરના દિવસે વ્હાઈટ હાઉસમાં અમેરિકી પ્રમુખ બરાક ઓબામા સાથે વાતચીત કરનાર છે. અમેરિકી અધિકારીઓએ આજે આ મુજબની વાત કરી હતી. બરાક ઓબામા ૨૭મીએ મનમોહનસિંહનું સ્વાગત કરશે. ત્યારબાદ વેપાર, મૂડીરોકાણ અને ક્ષેત્રિય સુરક્ષાના પાસાં ઉપર ચર્ચા વિચારણા કરાશે. બરાક ઓબામાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર સુસાન રાઈસ ભારતીય સમકક્ષ શિવશંકર મેનને મળ્યા હતા. ત્યારબાદ આ તારીખ નક્કી કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે બરાક ઓબામાં ૨૦૧૦માં ભારત આવ્યા હતા અને મનમોહનસિંહ સાથે શિખર વાતચીત કરી હતી. એશિયાની વધતી જતી તાકાત વચ્ચે ભારતની મદદ લેવાના હેતુસર ઓબામા પહોંચ્યા હતા. જ્યારે મનમોહનસિંહ વર્ષ ૨૦૦૯માં વોશિંગ્ટન પહોંચ્યા હતા એ વેળા વ્હાઈટ હાઉસમાં ઓબામાં પ્રમુખ તરીકે પ્રથમ વર્ષમાં હતા. મેનન અને રાઈસે નાગરિક અને પરમાણુ સહકાર, ક્ષેત્રિય સુરક્ષા પડકારો, વેપાર અને અફઘાનિસ્તાનના મુદ્દા ઉપર વાતચીત કરી હતી. સિંહની યાત્રાની તારીખ ખૂબ જ મહત્વપૂર્ણ છે. કારણ કે હાલમાં પાકિસ્તાન સાથેની તંગદિલી વધી ગઈ છે. સિંહ અને પાકિસ્તાન સમકક્ષ નવાઝ શરીફ સંયુક્ત રાષ્ટ્રમાં આગામી મહિને મળશે કે કેમ તેને લઈને ચર્ચા છે.


## સમાચાર ઝલક

- સંત આસારામ બાપુ સામે દિલ્હીમાં એક કિશોરીએ જાતિય શોષણની ફરિયાદ નોંધાવી.
- ઉત્તરપ્રદેશમાં સાપોરમાં પોલીસ પર હુમલો, ૬ પોલીસ કર્મીઓને ઇજા.
- સમાજસેવકનાં હત્યાનાં વિરોધમાં પૂના બંધને મિશ્ર પ્રતિસાદ.
- ઉત્તરપ્રદેશ-બિહારમાં પુરની વિકટ સ્થિતિ.
- શેરબજાર-રૂપિયામાં ભારે મંદી.
- નાળિયેરી પુનમ માછીમારોએ ઉજવી.
- થપ્પડ મામલે રાજકોટમાં ડોક્ટરોની રેલી.
- ગણેશ મહોત્સવ નિમિત્તે વિશેષ રેલ સુવિધા.
- બિહારમાં નકલસી પાસેથી ભારે વિસ્ફોટ સામગ્રી પકડાઇ.
- આગ્રામાં લૂંટારાઓએ ઘરમાં ઘુસી બે ભાઇઓની હત્યા કરી.
- મધ્યપ્રદેશમાં લાખો મણ ડુંગળીની સંગ્રહખોરી - સરકારનું મૌન.
- સરહદ પર પાકિસ્તાનની ફાયરીંગ સામે ભારતીય સેનાએ વળતો જવાબ આપ્યો.
- અરૂણાચલ પ્રદેશમાં ચીનની ઘૂસણખોરી, ૨૦ કિ.મી. સુધી અંદર ઘૂસ્યા.
- નર્મદા ડેમની સપાટી ૧૨૫ ફુટથી થઇ.
- ઉત્તરપ્રદેશમાં માફિયાઓએ ડી.એસ.પી. પર ગોળીબાર કર્યો.
- મહારાષ્ટ્રમાં અંધશ્રદ્ધા નાબુદીનો કાયદો બનશે.
- દાદર સ્ટેશન ઉડાવી દેવાની ધમકી માત્ર અફવા નીકળી.
- બિહારમાં હોડી દુર્ઘટનામાં ૬નાં મોત.
- ઇન્દોરનાં ચંદનપુરમાં સંચારબંધી.
- ૨૭મી ડીસેમ્બારે ઓબામા સાથે મનમોહનસિંહની મુલાકાત.
- પેટ્રોલ-ડિઝલના ભાવ વધવાની શક્યતા.

## ચેન્નઈ એક્સપ્રેસની કમાણી વધી ૨૭૦ કરોડ થઈ ગઈ

મુંબઈ,તા. ૨૧

શાહરુખખાન અને દિપીકા અભિનીત ચેન્નઈ એક્સપ્રેસ બોક્સ ઓફિસ પર જોરદાર ધૂમ મચાવી રહી છે. આ ફિલ્મની વૈશ્વિકસ્તરે કમાણી ૨૭૦ કરોડના આંકડા સુધી પહોંચી ગઈ છે. બોક્સ ઓફિસ પર હુજ પણ કમાણીનો દોર જારી છે. ૧૯મી ઓગસ્ટ સુદીનો આંકડો ૨૭૦ કરોડનો છે. કલેક્શનમાં હજુ વધારો થશે. એક બાજુ ભારતમાં આ ફિલ્મે ૧૮૫.૭૩ કરોડની કમાણી કરી લીધી છે જ્યારે આ ફિલ્મની વિદેશમાં કમાણી બે સપ્તાહમાં ૯૦ કરોડ સુધી પહોંચી ગઈ છે. જાણકાર લોકોનું કહેવું છે કે ચેન્નઈ એક્સપ્રેસે શુક્રવારના દિવસે ૬.૫૦ કરોડ, શનિવારના દિવસે ૮.૫૧ કરોડ, રવિવારના દિવસે ૧૦.૨૨ કરોડની




કમાણી કરી હતી. અન્યત્ર તમામ ગણતરી કરીને આ ફિલ્મે ૧૮૫.૭૩ કરોડની કમાણી કરી લીધી છે. શાહરૂખખાનની આ ફિલ્મને તમામ લોકો નિહાળી રહ્યા છે. ચેન્નઈ એક્સપ્રેસ ફિલ્મ ૭૫ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવી હતી.

ભારતીય સિનેમાના ઈતિહાસમાં ૧૦૦ કરોડની કમાણી સૌથી ઝડપથી કરનાર આ ફિલ્મ બની ગઈ હતી. કિંગખાનની લોકપ્રિયતા પણવધી ગઈ છે. શાહરૂખખાન દ્વારા કરવામાં આવેલી ઓફરના પરિણામ સ્વરૂપે હવે નવો આંકડો જારી કરવામાં આવનાર છે. રક્ષાબંધનના દિવસે શાહરુખખાને વિશેષ ઓફર કરીને બે ટિકિટની ખરીદી કરનારને એક ટિકિટ મફતમાં આપવાની વાત કરી હતી. હવે રક્ષાબંધનનો આંકડો જારી કરવામાં આવનાર છે. ફિલ્મનું સંગીત લોકોને ખૂબ પસંદ પડી રહ્યુ છે.

આ ઉપરાંત આ ફિલ્મમાં કોમેડી અને એક્શનથી પણ લોકો પ્રભાવિત થયા છે. શાહરૂખખાન અને રોહિત શેટ્ટીની જોડી પ્રથમ વખત એક સાથે કામ કરી રહી છે અને પ્રથમ ફિલ્મમાં જ જાદુઈ જોડી સાબિત થઈ છે. આવનાર સમયમાં શાહરૂખ સાથે રોહિત શેટ્ટી વધુ એક ફિલ્મ બનાવે તેવી પણ શક્યતા દેખાઈ રહી છે.

## બળાત્કાર અને હત્યાના બે દોષિતોની ફાસી ઉપર સ્ટે

નવી દિલ્હી,તા. ૨૧

સુપ્રીમ કોર્ટે કર્ણાટકમાં બળાત્કાર અને હત્યાના અપરાધમાં બે અપરાધીઓને મળેલી મૃત્યુદંડની સજાના અમલ પર આજે બ્રેક મુકી દીધી હતી. આ બંને અપરાધીઓને આવતીકાલે ગુરૂવારે ફાસી આપવામાં આવનાર હતી. ચીફ જસ્ટિસ પી સથાશિવમના નેતૃત્વમાં ખંડપીઠે શિવુ અને જાડેસ્વામીને ફાસી આપવા પર પ્રતિબંધ મુકી દીધો હતો. કર્ણાટક સરકાર પાસેથી જવાબની માંગ પણ કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે આની સાથે જ આ મામલાને પણ એવી અરજીઓ સાથે જોડી દીધી છે જે અરજીઓમાં મૃત્યુદંડની સજાના અમલ પર હાલ સ્ટે મૂકવામાં આવ્યો છે. દરમિયાનમાં જેલના અધિકારીઓના જણાવ્યા મુજબ શિવુએ બ્લેડથી પોતાના ગુપ્ત હિસ્સા પર ગંભીરરીતે ઈજા પહોંચાડી હતી. હાલમાં તેની સારવાર ચાલી રહી છે. આ બંને અપરાધીઓને વર્ષ ૨૦૦૧માં એક કિશોરી પર બળાત્કાર બાદ તેની હત્યાના મામલામાં મૃત્યુદંડની સજા ફટકારાઈ હતી.

રાષ્ટ્રપતિએ બંનેની દયાની અરજીને ફગાવી દીધી હતી. બંને અપરાધીઓ સુપ્રીમ કોર્ટમાં ફરીથી અપીલ કરી હતી. નીચલી અદાલતે જુલાઈ ૨૦૦૫માં બંનેને મૃત્યુદડની સજા ફટકારી હતી.

## ડેન્ગ્યૂના કેસોમાં દેશમાં ૮૦ ટકાનો વધારો થયો

નવી દિલ્હી,તા.૨૧

ડેન્ગ્યૂના કેસોમાં આ વર્ષમાં ચિંતાજનકરીતે વધારો નોંધાયો છે. જેના પરિણામ સ્વરૂપે આરોગ્યતંત્રની ઊંઘ હરામ થઈ ગઈ છે. તાજેતરમાં જ એકત્રિત કરવામાં આવેલા નવા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે ગયા વર્ષે આ જ ગાળાની સરખામણીમાં ૩૧મી જુલાઈ સુધી ડેન્ગ્યૂ રોગના કેસોમાં ૮૦ ટકા સુધીનો ઉલ્લેખનીય વધારો થઈ ચૂક્યો છે. ભારતમાં ૨૦૧૩માં હજુ સુધી ૧૫૯૮૩ ડેન્ગ્યૂના કેસો નોંધાઈ ચૂક્યા છે. જ્યારે ગયા વર્ષે આ જ ગાળા દરમિયાન કેસોની સંખ્યા ૮૮૯૯ જેટલી હતી. આરોગ્ય મંત્રાલયના નવેસરના આંકડામાં જણાવાયું છે કે રાહતજનક બાબત પણ આ સંદર્ભમાં આવી છે. આમા જાણવા મળ્યું છે કે ડેન્ગ્યૂના કારણે મોતના કેસોમાં ઉલ્લેખનીય ઘટાડો નોંધાયો છે. ગયા વર્ષે ૭૬ની સરખામણીમાં આ વર્ષે મોતનો આંકડો ૫૬ જેટલો નોંધાયો છે. કેરળમાં ડેન્ગ્યૂના કેસો દેશમાં સૌથી વધુ નોંધાયા છે. કેરળમાં ડેન્ગ્યૂના કેસોની સંખ્યા ૫૮૦૧ નોંધાઈ છે. છેલ્લા થોડાક સપ્તાહના ગાળામાં કેસોમાં દિલ્હીમાં ઉલ્લેખનીય વધારો થયો છે. અહીં કેસોની સંખ્યા ૫૪ જેટલી નોંધાઈ છે.

રાષ્ટ્રીય પાટનગરમાં મચ્છરોનો આતંક વધ્યો છે. વેસ્ટ મેનેજમેન્ટ પણ જોવા મળે છે. પ્રધાને ઉમેર્યું હતું કે વસ્તી અને નિરાશાજનક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પરિણામ સ્વરૂપે ઘણા વિસ્તારોમાં ડેન્ગ્યૂના કારણે કોઈનું મોત થયું નથી. લોકસભામાં લેખિત પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય આરોગ્ય પ્રધાન ગુલામનબી આઝાદે કહ્યું છે કે ડેન્ગ્યૂના કેસોમાં વધારો થવા માટે એક પણ કારણ નથી. પરંતુ કેટલીક સાવધાની રાખવામાં ન આવતા કેસોની સંખ્યા વધી છે. એકબાજુ વસ્તીમાં ઉલ્લેખનીય રીતે વધારો થયો છે. બિનઆયોજિત અને ઝડપથી શહેરીકરણની પ્રક્રિયા આગળ વધી છે. આઝાદના જણાવ્યા મુજબ ડેન્ગ્યુ કેસોના ક્લીનીકલ મેનેજમેન્ટ માટે એક માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી ચૂકી છે જે હોસ્પિટલમાં પરિપત્ર માટે રાજ્યમાં મોકલી દેવામાં આવી છે. રેપીડ રિસ્પોન્સ ટીમની રચના પણ કરવામાં આવી છે. ઘણા નિષ્ણાંતો આમા આવરી લેવામાં આવ્યા છે. આવનાર દિવસોમાં રોગચાળા સામે વધુ મજબૂત રીતે લડત ચલાવવામાં આવશે.

### ડેન્ગ્યૂ કેસો રોકવા માટે માર્ગદર્શિકા તૈયાર થઈ

દેશભરમાં ડેન્ગ્યૂ રોગના ફેલાવા માટે કોઈ એક તારણ જવાબદાર નથી. ઘણા માનવસર્જિત અને પર્યાવરણ સાથે સંબંધિત પરિબળો આના માટે જવાબદાર છે. વસ્તીમાં અભૂતપૂર્વ વધારો, બિનઆયોજિત અને ઝડપી શહેરીકરણ અને કચરાના નિકાલને લઈને યોગ્ય વ્યવસ્થા નહીં હોવાથી પણ ડેન્ગ્યૂ કેસોમાં વધારો થયો છે. મચ્છરોના ફેલાવા ઉપર અંકુશ રાખવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સુવિધા પણ અપૂરતી છે. આરોગ્યપ્રધાન ગુલામનબી આઝાદ કહી ચૂક્યા છે કે ડેન્ગ્યૂ કેસોના ક્લીનીકલ મેનેજમેન્ટ માટે એક માર્ગદર્શિકા તૈયાર કરાઈ છે જે હોસ્પિટલમાં સર્ક્યુલેશન માટે રાજ્યોને મોકલી દેવામાં આવી છે.